# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ००૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (०२८१) २३८०४२५, २३८०४२७; ફેક્સ : २३८०४२८;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3848-1 તારીખ : 06-06-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
મોરી રાયસિંહ ભગવાનભાઈ
મું. પો. : ભુવાટીંબી , તા. : સુત્રાપાડા , જી. : ગીર સોમનાથ,

મોબાઈલ : ૯૭૩૭૫૪૮૬૫૯

વિષય : નવા ખેતીવાડી વીજ જોડાણ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૧-૦૫-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૪/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

[redacted]

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વેરાવળ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રાંચી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-૧/૨૦૧૯-૨૦/** તા. ૦૬-૦૬-૧૯

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૪/ક્વા-૧/૨૦૧૯-૨૦

અરજદાર: મોરી રાયસિંહ ભગવાનભાઈ ગામ: ભુવાટીંબી
રજૂઆત કરનાર: અરજદાર વતી તેઓના પુત્ર મનુભાઈ રાયસિંહ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વેરાવળ
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી. જોશી વિભાગીય કચેરી – વેરાવળ

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: 14/05/19

૧.૦ સદર કેસની સુનાવણી તા. 14/05/19ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર મોરી રાયસિંહ ભગવાનભાઈ ગામ: ભુવાટીંબીની તેઓની અરજી ના નોધણી નંબર : ૨૪/ક્વા-૦૧/૨૦૧૯-૨૦, મા જણાવે છે કે, તેઓએ નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ના અરજી ફોર્મ માં ગામ: ભુવાટીંબી ખાતે ૦ બીન નંબરી / પૈકી ૧૨ માં કુવો છે. તેમા ૭.૫ હોપા ની માંગણી કરેલ છે. તેઓના ખાતે અન્ય સર્વે નંબરો પણ ધરાવે છે. અરજદારની માંગણી મુજબ સર્વે નંબર: ૦ બીન નંબરી / પૈકી ૧૨ મા પાકો કુવો આવેલ હોય, તેમાથી પાઈપ લાઈન દ્વારા પિયત માટે તેઓના અન્ય સર્વે નંબરમાં પાણી નો ઉપયોગ કરવાનો હોય, તે માટે વર્ષ–૨૦૧૩ મા રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરી પેટા વિભાગીય કચેરી, પ્રાંચી માં અરજી કરેલ. અગ્રતાક્રમ મુજબ વારો આવતા પીજીવીસીએલ માથી જાણકારી મળેલ કે – આ સર્વે નંબરમાં ખેતીવાડી વીજજોડાણ મળી શકશે નહી. તેમજ, સદર સર્વે નંબર ગામના છેવાડે આવેલ હોય, જેની આસપાસ ૨૦૦ મીટર માં કોઈ વીજજોડાણ નથી. તેમજ, બીજી લાઈન ને ક્રોસ પણ થતી નથી. જેથી, અરજદારે તેઓને વીજજોડાણ મળે તો તેઓ પાઈપલાઈન દ્વારા પાણીનો ઉપયોગ તેઓના અન્ય સર્વે નંબરમાં ખેતીવાડી માં ઉપયોગ કરી શકે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી રાયસિંગભાઈ ભગવાનભાઈ મોરી-ભુવાટીંબીના, તા સુત્રાપાડા જી ગીર સોમનાથ દ્વારા નવા ખેતીવાડી વીજ જોડાણ ન મળવા બાબત રજૂઆત નીચે મુજબ કરેલ છે.

૩.૧ શ્રી રાયસિંગભાઈ ભગવાનભાઈ મોરી-ભુવાટીંબીના દ્વારા તા ૧૭.૧૧.૨૦૧૪ ના રસીદ નંબર ૧૬૬૪૭૩ થી નોંધણી ફી ભરી ભુવટિંબી ગામના સર્વે નં. ૦ બિનનંબરી/૧૨ માં નવા ખેતીવાડી વીજજોડાણ માટે રજીસ્ટ્રેશન કરાવેલ.

૩.૨ સદર નવા ખેતીવિષયક વિજજોડાણની માંગણીના અનુસંધાને અરજદારની માંગણીવાળા સર્વે નંબરમાં પ્રાચિ પેટા વિભાગીય કચેરી દ્વારા સર્વે કરતાં સ્થળ પરનો કુવો ગામતળમાં આવેલ છે સદર માંગણી વાળા સર્વે નંબર ની ચતુ:સીમાની ત્રણ બાજુ ગામતળની જમીન આવેલ છે.

૩.૩ વિશેષમાં સદર માંગણીવાળા સર્વે નં.ના ગામ નમૂના નં. ૭ અને ૧૨ માં આ સર્વે નં. સરકારી પડતર દર્શાવેલ છે.

૩.૪ અરજદારની માંગણી વાળા એ-૧ ફોર્મ માં પણ અરજદારે માંગણીનો સર્વે નં ૦ બિનનંબરી/૧૨ દર્શાવેલ છે,તેમાં અરજદાર આ કૂવા પરથી બીજા કોઈ સર્વે નં. માં પાણી લઈ પીયત કરવા માંગતા હોય તેવો કોઈ ઉલ્લેખ કરાયેલ નથી.

૩.૫ સદર ફરિયાદના અનુસંધાને અમો દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવેલ હતી, જે અનુસંધાને અરજદારને પત્ર નં. વીઆરડી/ટેક-૧/૩૫૫૪ તા.૦૮.૦૫.૨૦૧૯ થી ઉપરોક્ત વિજજોડાણ અંગેના દસ્તાવેજો પૂરા પાડવા જણાવવામાં આવેલ છે.

૩.૬ પીજીવીસીએલ દ્વારા અરજદારની ઉપરોક્ત બાબતે વીજ જોડાણ આપવાની કાર્યવાહી શરૂ કરેલ છે. તેમજ અરજદારે અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષા એ થી નિરાકરણ કરેલ છે. જે નિરાકરણ થતા અરજદારે સમાધાન પત્ર તા.૩૦-૦૫-૧૯ માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ થી ૩.૬ અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારે સમાધાન પત્ર તા.૩૦—૦૫—૧૯ થી લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી. પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot